Letter No: SJED/0605/09/2023   Dt: 09-10-2023

**Both Arm (BA)** અને **Both Leg (BL)** દિવ્યાંગતા ધરાવતાં ઉમેદવારોને જે તે સંવર્ગની ભરતી પ્રક્રિયા માટે માન્ય ગણવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક- SJED/DIA/e-file/17/2023/1761/CHH-1 Section
સચિવાલય, ગાંધીનગર
તા.  /૧૦/૨૦૨૩

**વંચાણે લીધા:-**

(૧) આ વિભાગનો તા.૦૯/૦૬/૨૦૨૩ નો સમાનક્રમાંકી ઠરાવ

**સુધારા ઠરાવ:-**

રાજ્ય સરકાર હસ્તકનાં મહેકમનાં જે તે સંવર્ગની કામગીરી માટે જરૂરી Functional requirement જેમ કે walking, typing, crouching વગેરે નક્કી કરીને, ફિલ્ડ વર્ક કે ટેકનિકલ વર્કનાં સંવર્ગો સહિતનાં તમામ સંવર્ગોની ભરતીની જાહેરાતમાં સંબંધિત વિભાગને અમુક શરતો સાથે બંન્ને હાથ(BA) અને બંન્ને પગ(BL) પ્રકારની દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારોને અરજી કરવાની મંજુરી આપવા વંચાણે લીધેલ-(૧) નાં ઠરાવથી જોગવાઇ કરેલ હતી. સદરહુ ઠરાવ નીચે મુજબનાં સંવર્ગોને લાગુ પડશે તેમજ BA અને BL દિવ્યાંગતાની કેટેગરી માટે નીચે મુજબ સ્પષ્ટતા કરવામાં આવે છે.

૧. સંવર્ગ એટલે ‘રાજ્ય સરકાર, પંચાયત સેવા, રાજ્ય સરકાર હસ્તકનાં બોર્ડ/કોર્પોરેશન/જાહેર સાહસો, વૈધાનિક સંસ્થાઓ, શાળાઓ, મહાશાળાઓ અને વિશ્વ વિદ્યાલયો, સરકાર પાસેથી ગ્રાન્ટ/લોન/આર્થિક સહાય મેળવતી તમામ સંસ્થાઓ, સહકારી સંસ્થાઓ, મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓ હસ્તકનાં સંવર્ગો.

૨. ઠરાવની જોગવાઇ Both Arm(BA) અને Both Leg(BL) એટલે કે Both Arm and Leg(BLA) પ્રકારની દિવ્યાંગતા માટે કરાયેલ નથી. તે ફક્ત Both Arm(BA) <u>**અથવા**</u> તો Both Leg(BL) પ્રકારની દિવ્યાંગતા માટે બહાર પાડવામાં આવેલ છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમનાં નામે,

eSign
Signed by: Diwakar saralmitra Sharma
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 11-Oct-2023 (11:53 AM)

(ડી.એસ.શર્મા)
નાયબ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન.મુખ્યમંત્રીશ્રીનાં મુખ્ય અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સરદાર ભવન, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી(સા.ન્યા.) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સરદાર ભવન, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(સા.ન્યા.) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સરદાર ભવન, ગાંધીનગર.
- અ.મુ.સ.શ્રી(સા.ન્યા.અને અ.વિ.) નાં રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે વિભાગો, સચિવાલય, ગાંધીનગર.
- ગુજરાત જાહેર સેવા આયોગ(પત્ર દ્વારા)
- ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ
- ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડ
- ગુજરાત રાજ્ય શિક્ષણ બોર્ડ


*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*